# ઉદ્યોગગૃહોમાં પર્યાવરણ ઇજનેર ફરજિયાત



ભુજ ખાતે પ્રદૂષણ નિયંત્રણ કન્ટ્રોલ બોર્ડ દ્વારા ઉદ્યોગગૃહો માટે યોજાયેલા ખુલ્લા મંચમાં ઉપસ્થિત એકમોના પ્રતિનિધિઓ, જ્યારે ઇન્સેટમાં બોર્ડના અધિકારીઓ જી.એચ. ત્રિવેદી, જી.એમ. સાધુ અને ફોક્યિાના જગમોહનસિંઘ જોવા મળે છે.

ભુજ, તા. ૧૩ : કચ્છમાં કાર્યરત ઉદ્યોગોના પ્રશ્નોના ઉકેલ લાવવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ કન્ટ્રોલ બોર્ડ અને ફોક્યિા દ્વારા આજે યોજાયેલા ખુલ્લા મંચમાં ઉદ્યોગગૃહના પ્રતિનિધિઓએ પોતાની સમસ્યાઓ રજૂ કરી હતી.

કચ્છમાં ખાસ કરીને લખપત વિસ્તારમાં કાર્યરત ખનિજ નિગમ દ્વારા જે લિગ્નાઇટનું ઉત્ખનન કરવામાં આવે છે, જે ખનિજની ગુજરાતમાં મોટા પાયે ખરીદી થાય છે પરંતુ જેતપુર વિસ્તારમાં લિગ્નાઇટનો ઉપયોગ નહીં કરવાની સૂચના હોવાની રજૂઆત કરતાં જી.એમ.ડી.સી.ના જનરલ મેનેજર એ. કે. ગર્ગે જણાવ્યું હતું અને આ વાતમાં માતાના મઢના જનરલ મેનેજર એચ.કે. જોશીએ પણ સૂર પૂરાવ્યો હતો.

આ પ્રશ્ને ખુલાસો કરતાં જી.પી.સી.બી.ના વિજિલન્સ વિભાગના વડા જી.એમ. ત્રિવેદીએ જણાવ્યું હતું કે જેતપુર વિસ્તારમાં કેટલાક એકમો રહેણાક વિસ્તારમાં કાર્યરત છે, આ એકમો લિગ્નાઇટનો ઉપયોગ કરે છે, તેનાથી પર્યાવરણને નુક્સાન થાય છે તેવી ફરિયાદ આવી હોવાથી આવા એકમો લોકોના આરોગ્યને ખતરો ન થાય તે જાતનાં પગલાં લે તેવી જો તાકીદ કરવામાં આવશે તો અમારા તરફથી છૂટછાટ આપી દેવામાં આવશે.

અબડાસામાં કાર્યરત સિમેન્ટ એકમ સાંઘીના જનરલ મેનેજર નિમિષ પટેલે દરિયાઇ પાણીના ઠંડક માટે નાખવામાં આવેલા પ્લાન્ટનો મુદ્દો ઉઠાવી તાપમાન વધારવાની છૂટ આપવા માંગ કરતાં અધિકારીઓએ કહ્યું કે, આ નીતિવિષયક મુદ્દો છે. આ તાપમાન વધશે તો આસપાસના માછીમારોની ફરિયાદો વધતી હોવાથી આ પ્રશ્ને કોઇપણ બાંધછોડ કરવામાં નહીં આવે.

સુઝલોન સહિતના પ્રતિનિધિઓએ પોતાના પ્રશ્નો રજૂ ક્ર્યા હતા. આ તમામ પ્રશ્ને જવાબ આપવામાં આવ્યા હતા, પરંતુ શ્રી ત્રિવેદીએ નવા તેમજ હાલના ઉદ્યોગ એકમોએ ઉત્પાદનની મંજૂરી, રિન્યૂ વગેરેની કાર્યવાહીમાં ઢીલ દાખવશે તો દંડ કરવામાં આવશે તેવું સ્પષ્ટ કહ્યું હતું.

## ભુજ ખાતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ કન્ટ્રોલ બોર્ડના ખુલ્લા મંચમાં કરાયેલી તાકીદ : ફોકિયાની હાજરીમાં પ્રતિનિધિઓએ રજૂ કરેલા પ્રશ્નો

બીજી તરફ કચ્છના અધિક રિજિયોનલ અધિકારી જી. એમ. સાધુએ તમામ એકમોને તાકીદ કરતાં પર્યાવરણનું જતન કરવાનું જણાવ્યું હતું.

ઉદ્યોગોમાં પર્યાવરણને લગતા કાયદાનું પાલન કરવું ફરજિયાત છે અને મંજૂરી વખતે પણ આવી શરતો મૂકવામાં આવી છે. ઘણાએ તેનું પાલન ક્ર્યું નથી અને દરેક એકમમાં પર્યાવરણ ઇજનેરની ભરતી કરવી ફરજિયાત છે. મોટાભાગના ઉદ્યોગગૃહોમાં આવી ભરતી થયેલી નથી. જો શરતભંગ કરવામાં આવશે તો પગલાં લેવામાં આવશે એમ શ્રી સાધુએ જણાવ્યું હતું.

બેઠકના પ્રારંભે ફોક્યિાના મોવડી જગમોહનસિંઘે સ્વાગત પ્રવચન કરી કોઇપણ એકમને સતાવતા પ્રશ્નો અંગે ફોક્યિા વતીથી ગાંધીનગર ખાતે રજૂઆત કરી ઉકેલ લાવવાની ખાતરી આપી હતી.

લાંબા સમયથી જે પ્રશ્નો પડતર છે તેના સમાધાન માટે કન્ટ્રોલ બોર્ડ દ્વારા જે સમાધાન માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે, તેને ફોકિયાએ આવકાર આપ્યો હતો અને અધિકારીઓનું સ્વાગત ક્ર્યું હતું.